**GJSR120008902026**

**કામરેજ પો. સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૧૪૦૨૦૨૬૦૬૯૫ / ૨૦૨૬ ના કામે આરોપી લલીત ધીરજભાઈ મારૂ નાઓની જામીન અરજી લગત હુકમ.**

જામીન અરજી વંચાણે લીધી, એફ. આઈ.આર. વંચાણે લીધી. કેસ ડાયરી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી તેમજ ત.ક.અ ને સાંભળ્યા.

આરોપી તરફે વિ.વ.શ્રી એ તેઓની રજુઆતમાં જણાવે છે કે, આરોપી એ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આરોપી તદ્દન નિર્દોષ માણસ છે, તેની સામે ખોટો કેસ કરેલ છે, આ કામના આરોપીને માત્ર શંકા ઉપરથી પકડવામાં આવેલ છે. આરોપીને સદર ગુના સાથે કાઈ લાગતું વળગતું નથી. આરોપી તેમના કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે, તેમને જેલમાં રાખવામાં આવે તો તેમનાં પરીવારને રસ્તે રખડવાનો વારો આવે તેમ છે. તેઓ નાસી ભાગી જાય તેમ નથી. આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવતા ઘણો સમય લાગે તેમ છે, તેઓ ફરીયાદપક્ષ કે સાહેદો સાથે ચેડા કરે તેમ નથી કે ધાક ધમકી આપે તેમ નથી. જેથી નામ. કોર્ટને યોગ્ય લાગે તે શરતોને આધીન જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. આ કામના આરોપી સામે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૩), ૩૨૪(૩), ૫૪ તથા જી.પી. એક્ટ-૧૩૫ મુજબના ગુનો કર્યાની ફરીયાદ છે. આરોપીએ સમાજ વિરૂધ્ધનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે આરોપીને જામીન મુક્ત કરવા સામે વાંધો છે જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

ઉભય પક્ષની દલીલો ધ્યાને લીધી. આ કામે આરોપીઓ સામે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૩), ૩૨૪(૩), ૫૪ તથા જી.પી. એક્ટ-૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં હાલનાં આરોપીને તપાસ દરમ્યાન અટક કરવામાં આવેલાનું જણાય આવેલ હોય. આમ એફ.આઈ.આર. જોતાં સદર કામનાં ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લેતા આ કામના ઉપરોક્ત જણાવેલ પકાડાયેલ આરોપી તથા અન્ય મનોજ તથા બીટ્ટુ નામના ઈસમો મળીને લાકડાના સપાટાથી ફરિયાદીની ગાડીઓ ઉપર ફટકા મારેલા અને જણાવતા હતા " તુમ હમકો પહેચાનતે નહી હોશીયારી કી તો જાન છે માર દેગે " તેવી ધમકી આપી ફરિયાદી તથા સાહેદને લાકડાના ફટકાથી માર મારી ઉપરોક્ત જણાવેલ કલમો મુજબનો ગુનો કરેલાનું તહોમત છે.

આરોપી પર લગાવવામાં આવેલ ગુનાની જોગવાઇ જોવામાં આવે તો તે મહત્તમ સાત (૭) વર્ષની જોગવાઈ છે. પરંતુ આ કામના આરોપી સામે ઈજા પામનારને માર મારવાનો તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલાનો આક્ષેપ છે. વધુમા સદર બનાવ જાહેરમાં બનેલ છે જેથી જો આવા આરોપીઓને હાલના તબક્કે છોડી મુકવામાં આવે તો સમાજમાં તેની વિપરિત અસર પડે તેમજ આવા ગુના આચરતા પહેલા આરોપીઓને કાયદાનો ભય રહે નહિ. તેમજ આવા ગુનાઓ પ્રત્યે સમાજમાં દાખલો બેસાડવો જરુરી છે. તે સંજોગોમાં હાલના આરોપીને જામીન ઉપર છોડવા અત્રેની કોર્ટને યોગ્ય જણાતુ નથી. આમ આરોપી સામેનો ગુનો, ગુનાનું પ્રમાણ, તેમજ સજાની જોગવાઈ ધ્યાને લીધી. સદરહુ ગુનાનાં કામે આરોપીની સામેનાં આક્ષેપો તથા રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં હાલનાં આરોપીઓ ને જામીન પર મુકત કરવુ ન્યાયોચીત જણાતુ નથી. આમ આરોપીની જામીન અરજી હેઠળ તમામ હકીકતો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**–: હુકમ :–**

આ કામના આરોપી લલીત ધીરજભાઈ મારૂ નાઓની જામીન અરજી આથી **નામંજુર** યાને રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૦૯ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ હુકમ જાહેર કર્યો.

**કઠોર.**
**તા: ૦૯/૦૩/૨૦૨૬**

**( સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ–કઠોર.**
**CODE : GJ01769**